# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

તમામ શ્રોતા મિત્રોને નવા વર્ષના નૂતનવર્ષા અભિનંદન

---

1) નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજથી વિક્રમ સંવત 2081ના નુતન વર્ષનો પ્રારંભ છે.
2) પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને રાજ્યપાલે નાગરિકોને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી – મુખ્યમંત્રી આજે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.
4) યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ ધોળાવીરામાં નવી ટેન્ટ સિટીનો પ્રારંભ
5) રાજકોટ રેલવે ડિવિઝનનાં દેવેન્દ્ર યાદવે એશિયન પેરા આર્મ રેસલિંગ કપ 2024માં બે ચંદ્રકો જીત્યા

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARATI NEW YEAR

નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજથી વિક્રમ સંવત 2081ના નુતન વર્ષનો પ્રારંભ થયો છે. રાજ્યભરમાં લોકો હર્ષોલ્લાસ સાથે પરંપરાગત રીતે નવા વર્ષને વધાવી રહ્યા છે. લોકો આજે વસ્ત્રોમાં સજ્જ થઈ નવા વર્ષની શુભેચ્છાઓની આપ લે કરશે અને એકબીજાને મીઠાઈ ખવડાવી સમગ્ર વર્ષ મીઠાશથી ભરેલું રહે તથા આરોગ્ય સારું રહે તેવી શુભેચ્છાઓ પાઠવશે. રાજ્યભરના મંદિરમાં આજે વિશેષ શઇણગાર રોશની થશે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે ગુજરાતી નાગરિકો હિંદુ કેલેન્ડર વિક્રમ સંવતના કારતક મહિનાના પ્રથમ દિવસને નવા વર્ષ તરીકે ઉજવે છે. જે બેસતા વર્ષ તરીકે પણ જાણીતું છે. આજે વહેલી સવારથી રાજ્યના મુખ્ય મંદિરોમાં  લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. લોકો નવાવર્ષે મંદિરે જઈ ભગવાનના આશીર્વાદ મેળવે છે.

બેસતા વર્ષ એટલે કે વર્ષના પ્રથમ દિવસે મહેમાનોનું સ્વાગત કરવા માટેલોકો તેમના ઘરોમાં સુશોભન કરી પ્રવેશદ્વારે રંગોળી છે. વેપારીઓ અને ધંધાકીય ગૃહો તેમના વ્યવસાયના સ્થળોએ પૂજા અર્ચના કરશે અને પાંચ દિવસ તેમની દુકાનો બંધ કરશે. આજથી શરૂ થતાં નવા વિક્રમ સંવત અંગે વધુ માહિતી આપી રહ્યા છે. વરિષ્ઠ પત્રકાર ભરત રાજગોર

(ભરત રાજગોર બાઇટ)

# CM-TOMOTORROW"S PLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભે આજે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે ત્યારબાદ તેઓ અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શનપૂજા બાદ નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે.

રાજ ભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવ્યા બાદ તેઓ અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. મુખ્યમંત્રી તે પહેલાં અમદાવાદ માં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે જશે. બપોરે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ અધિકારી મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તમામ નાગરિકોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, ગુજરાત સરકાર અને જીંદાલ અર્બન વેસ્ટ મેનેજમેન્ટ કંપની વચ્ચેની સંયુક્ત ભાગીદારીમાં નિર્મિત થયેલો આ પ્લાન્ટ ગુજરાતનો પહેલો વેસ્ટ ટ્રૂ એનર્જી પ્લાન્ટ છે.

# AMIT SHAH granthalaya

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગઈકાલે ગાંધીનગર ખાતે સરકારી ગ્રંથાલયના ગ્રંથપાલો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો હેતુ ગ્રંથાલયના ઉત્કર્ષ, નવીનીકરણ અને વાંચન સંસ્કૃતિના વિકાસ અંગે વિચાર વિમર્શ કરવાનો હતો.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે, વ્યક્તિના બૌધ્ધિક વિકાસમાં પુસ્તકો ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ભવિષ્યની પેઢીના સર્જન માટે પુસ્તકાલય ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે પુસ્તકાલયોનો સમૃધ્ધ બનાવવા તથા વાંચનને વ્યાપક બનાવવા કાર્ય યોજના ઘડવા સૌને અનુરોધ કર્યો હતો.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# dhodavira tent city

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ ધોળાવીરામાં નવી ટેન્ટ સિટી તૈયાર શરૂ થતાં વિશ્વભરમાંથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ટેન્ટ સિટી કચ્છના સફેદ રણ જોવા આવતા પ્રવાસીઓ માટે એક નવો અનુભવ બની રહેશે.

કચ્છની સંસ્કૃતિ અને કલાને દર્શાવતી આ ટેન્ટ સિટી 15 માર્ચ સુધી ખુલી રહેશે. ધોળાવીરા ટેન્ટ સિટીમાં કુલ 140 ટેન્ટ છે, જેમાં દરબારી અને રાજવાડી ટેન્ટનો સમાવેશ થાય છે. આ ટેન્ટ સિટી બનાવવાનો મુખ્ય હેતુ ધોળાવીરાને પ્રોત્સાહન આપવાનો છે જેથી કચ્છના આ દૂરસ્થ પ્રાચીન શહેર અને પ્રાચીન સંસ્કૃતિને વધુ પ્રદર્શિત કરી શકાય.

ધોળાવીરા ટેન્ટ સિટીના મેનેજર અમિત ગુપ્તા કહે છે કે આ ટેન્ટ સિટીમાં કચ્છની સંસ્કૃતિના દર્શન કરાવવાની સાથે અહીંના સ્થાનિક લોકોને રોજગાર પણ આપી રહી છે. જુલાઈ 2021માં જ્યારે યુનેસ્કોએ ભારતના કચ્છ જિલ્લામાં આવેલી સિંધુ સંસ્કૃતિ સાથે જોડાયેલ વર્લ્ડ હેરિટેજ જાહેર કરી હતી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ધોળાવીરા સાથે જોડાયેલી પોતાની યાદોનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી મોદીએ લખ્યું હતું કે તેઓ પહેલીવાર પોતાના સ્કૂલના દિવસોમાં આ ખૂબ જ રોમાંચક સ્થળ પર પહોંચ્યા હતા. ઘણા દાયકાઓ પછી જ્યારે તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે અહીંની મુલાકાત લીધી હતી. આ ટેન્ટ સિટીમાં આવતા પ્રવાસીઓ બોલિવૂડ થીમ સાથે ટેન્ટ સિટીમાં રહેવાનો આનંદ માણી શકશે અને સાથે સાથે ધોળાવીરાના ઇતિહાસ વિશે પણ જાણી શકશે.

બાઇટ અમિત ગુપ્તા - પ્રબંધક ધોળાવીરા ટેન્ટ સિટી

# FOR MORNING Devendra Yadav Para Arm

રાજકોટ રેલવે ડિવિઝનનાં દેવેન્દ્ર યાદવે એશિયન પેરા આર્મ રેસલિંગ કપ 2024માં બે મેડલ મેળવ્યા છે. દેવેન્દ્ર યાદવ હાલ રાજકોટમાં કેરેજ અને વેગન ડેપોમાં હેલ્પર તરીકે કામ કરે છે. તેણે સાતમી એશિયન પેરા આર્મ રેસલિંગ કપ 2024માં શાનદાર પ્રદર્શન કરીને પેરા આર્મ રેસલિંગ-પંજા કુશ્તીમાં જમણા હાથની સ્પર્ધામાં સિલ્વર મેડલ અને ડાબા હાથની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતીને રેલ્વેનું નામ રોશન કર્યું છે. શ્રી યાદવે આર્મ રેસલિંગમાં 4 વખત રાષ્ટ્રીય કક્ષાએ અને 6 વખત રાજ્ય કક્ષાએ મેડલ જીતી ચૂક્યા છે.

(byte દેવેન્દ્ર યાદવ)

# railway ahmedabad

દિવાળી અને છઠ પુજા તહેવારોમાં પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ટ્રેનો ચલાવાઈ રહી છે. તહેવારોમાં મુસાફરોની વધતી સંખ્યાને પગલે રેલવે દ્વારા આ વર્ષે સાત હજાર, 300 વિશેષ ટ્રેનો ચલાવાઈ રહી છે. પશ્ચિમ રેલવે દ્વારા આજે 17 વિશેષ ટ્રેનો ચલાવાશે. જેમાં અમદાવાદ – દાનાપુર સ્પેશ્યલ, અમદાવાદથી 8 વાગે ને 25 મિનિટે ઉપડશે સાબરમતી સીતામઢી સ્પેશ્યલ સાંજે સાત વાગે ને 45 મિનિટે જ્યારે અમદાવાદ ગ્વાલિયર સ્પેશ્યલ તથા ગાંધીગ્રામ ઓખા સ્પેશ્યલ રાત્રે આઠ વાગે ને 20 મિનિટે ઉપડશે.